કોર્ટમાંથી ઘરફોડનો આરોપી પોલીસને થાપ આપીને ભાગ્યો...!

કોર્ટના પગથિયા સુધી પહોંચ્યો ને પોલીસે દબોચી લીધો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં પકડેલા આરોપીને આજે સમી સાંજે કોર્ટમાં લવાયો હતો ત્યારે કોર્ટમાંથી પોલીસ જામાને ચકમો આપીને આરોપી ભાગ્યો હતો. પગથિયા સુધી આરોપી પહોંચ્યો ત્યાં તો પોલીસની ટીમે તેને દબોચી લીધો હતો અને આરોપી પકડાઈ જતાં પોલીસ જામાએ હાંશકારો અનુભવ્યો હતો.

સેક્ટર-૭ પોલીસ દ્વારા ઘરફોડ ચોરીના ગુનામાં કનેશ મારૂભાઈ ભાભોરની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપીને સાંજે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. પોલીસ જામા હેઠળ લઈ જવાયેલા આ આરોપીને કોર્ટરૂમમાં રજુ કરવામાં આવ્યો. સુનાવણી ચાલુ હતી તે જ દરમ્યાન ઘરફોડીયાએ દોટ મુકી હતી અને ભાગી જવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે આરોપીને ભાગતા જોઈને પોલીસ જામાની ટીમ દોડતી થઈ ગઈ હતી. કોર્ટના પગથિયા સુધી પહોંચ્યો ત્યાં જ આરોપીને પોલીસે ઝડપી લીધો હતો. ભાગેલો આરોપી કોર્ટમાંથી જ પકડાઈ જતા પોલીસ જામાની ટીમમાં પણ જીવમાં જીવ આવ્યો હતો.

સે. ૨૫ જી.આઈ.ડી.સી.માં પાર્ક કરેલી બોલેરોની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સે. ૨૫ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં એક ખાનગી કંપનીના ગેસ્ટહાઉસ આગળ પાર્ક કરેલી બોલેરો જીપ કોઈ તસ્કરો ઉઠાવી ગયા હતા. જે અંગે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સે. ૨૬ પ્લોટ નં. બી-૧/૨ ગ્રીનસીટી ખાતે રહેતા સિદ્ધાર્થદાસ ચંદનકુમાર દાસ, સે. ૨૫ જી.આઈ.ડી.સી.માં આવેલી ખાનગી કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે અને આજે કંપનીની બોલેરો જીપ નં. જીજે-૧૮-એક્ષ-૩૮૭૧ કંપનીના જ ગેસ્ટહાઉસ આગળ પાર્ક કરી હતી. દરમિયાન કોઈ ચોર ઈસમો બોલેરો જીપની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી મામલે થોડા સમય પછી કારચાલકને જાણ થતા તેને આસપાસમાં શોધખોળ હાથ ધરી હતી. જો કે તપાસ બાદ પણ કાર ન મળતા આખરે સે. ૨૧ પોલીસમાં ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે રૂ. ૩ લાખની કિંમતની જીપની રકમ ગણી ગુનો નોંધી કારની શોધખોળ હાથ ધરી છે.

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજનો રજત જયંતિ મહોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજને ૨૫ વર્ષ પૂરા થતાં રજત જયંતિ મહોત્સવ અમદાવાદમાં સંપન્ન થયો હતો.

પ્રથમ બી.કે. શ્રીમાળી, મહામંત્રી ગૌતમ ગેડિયા અને કન્વીનર પી.એન. પંડ્યાએ જણાવેલ છે કે, રજત જયંતિ મહોત્સવના અધ્યક્ષ સ્થાને સામાજિક ન્યાય અધિકારી વિભાગના મંત્રી રમણભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. સમાજની ઉત્કર્ષ પ્રવૃત્તિને બિરદાવી હતી.

સમાજ દર્શન સ્મરણિકાનું વિમોચન સુપ્રસિદ્ધ સંત સ્વામી સચ્ચિદાનંદજીએ વંચિત સમાજને ધાર્મિક તથા સાંસ્કૃતિ રીતે હિન્દુ સમાજમાં સાચવ્યો છે. જેનો યશ ગુરૂ બ્રાહ્મણ સમાજને મળે છે તેમ જણાવ્યું હતું.

રાજયસભાના સભ્યશ્રી અને સંત સવૈયાનાથ સંસ્થાના ઝાંઝરકાના ગાદીપતિ શંભુનાથજી મહારાજે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સાંસદ સભ્ય કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય મણિભાઈ વાઘેલા આયોજકોને શુભેચ્છા પાઠવી હતી.

સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાતના ઉપકુલપતિ પ્રો. આર.કે. કાલે, અનુ.જાતિ. કલ્યાણ ખાતાના નિયમાક આર.એમ. જાદવ મહિલા અને બાળવિકાસ સમિતિના સવિતાબેન શ્રીમાળીએ શુભેચ્છા પાઠવી હતી.

પ્રમુખ બી.કે. શ્રીમાળીએ સમાજના વિકાસની ઝાંખી કરાવી હતી. ગૌતમભાઈ ગેડિયાએ સંસ્થાને પગભર કરવા પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ગુરુ બ્રાહ્મણ સમાજના કાર્યકરો હાજર રહ્યા હતા. પી.એન. પંડ્યાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. હર્ષદભાઈ શ્રીમાળીએ આભારવિધિ કરી હતી.

ગાંધીનગરના જય મહેતાની રાયફલ શુટીંગમાં વિરાટ સિદ્ધિ

જિલ્લાકક્ષાએ ૨૨ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો : રાજ્યકક્ષાએ સતત બે વર્ષ ગોલ્ડમેડલ વિજેતા : ઓલ ઈન્ડીયા યુનિવર્સિટી ચેમ્પિયનશીપમાં પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ખેરવાની ગણપત યુનિવર્સિટીમાં એન્જીનીયરીંગનો અભ્યાસ કરતા ગાંધીનગરના જય મહેન્દ્રકુમાર મહેતાની ચંદીગઢ ખાતે આવતીકાલથી શરૂ થનારી ઓલ ઈન્ડીયા યુનિવર્સિટીઝ ચેમ્પીયનશીપમાં રમવા પસંદગી કરાઈ છે. જય મહેતાએ વર્ષ ૨૦૧૩માં રાયફલ શુટીંગ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

રાયફલ શુટર જય મહેતાએ ગાંધીનગરમાં યોજાયેલ રાયફલ શુટીંગ સ્પર્ધામાં છેલ્લા ૨૨ વર્ષનો રેકોર્ડ તોડી ગોલ્ડમેડલ જીત્યો હતો તેમજ અમદાવાદની રાયફલ ક્લબ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત રાયફલ શુટીંગ ચેમ્પીયનશીપમાં સતત બીજા વર્ષે પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. આ ઉપરાંત એનસીસી નેશનલ ગેમ્સમાં ગુજરાત રાજ્યની ટીમમાં પસંદગી પામી દિલ્હી ખાતેની ઈન્ટરનેશનલ શુટીંગ રેન્જ પર ટીમ ઈવેન્ટમાં પ્રથમ સ્થાન મેળવી ગુજરાત રાજ્યને ગૌરવવંતુ સ્થાન અપાવ્યું હતું.

રાજપુર ગામે કેબલ વાયરની ચોરી

ગાંધીનગરના દોલારાણા વાસણા ગામની પાસે આવેલા રાજપુર ગામની સીમમાં ખેતર બોરકુવા પરથી તસ્કરો ૩૦ મીટર લાંબો કેબલ વાયરની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ગાંધીનગર પાસેના દોલારાણા વાસણાને અડીને રાજપુર ગામ આવેલ છે. રાજપુર ગામની સીમમાં ભરતજી ધુડાજી ઠાકોરનું ખેતર આવેલુ છે. ખેતરમાં આવેલ બોરકુવા પર કેટલાક તસ્કરો ત્રાટક્યા હતા. આશરે ૩૦ મીટર લાંબો ૨૫ એમ.એમ.નો કેબલ વાયર રૂ. ૭,૫૦૦ની ઉઠાંતરી કરી ગયા હતા. સંદર્ભે ભરતજી ધુળાજી ઠાકોરે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંદાવતા પોલીસે ચોરી અંગે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

વણકર સમાજના પ્રમુખ સહિત સાત સામે પોલીસ ફરીયાદ

સમાજના મહોત્સવમાં મંત્રી રમણલાલ વોરા સામે આક્ષેપોવાળી પત્રીકાઓ વહેંચી મારામારી કરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના ટાઉનહોલ સામે લોનમાં ગઈકાલે ૨૮૨ વણકર સમાજ મહોત્સવનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર વણકર સમાજના પ્રમુખ સાતથી વધુ માણસો સાથે આવી પહોંચ્યા હતા અને મંત્રી રમણલાલ વોરા સામે આક્ષેપો વાળી પત્રીકાઓ વહેંચી હતી. આ બાબતે બોલાચાલી થયા બાદ પ્રમુખ સહિત ૭ જેટલા માણસોએ મારામારી શરૂ કરી દીધી હતી. સે. ૨૧ પોલીસે તમામ સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૭ ટાઉનહોલ સામે લોનમાં ગઈકાલે ૨૮૨ વણકર સમાજ મહોત્સવ યોજાયો હતો. ગાંધીનગર વણકર સમાજના પ્રમુખ તથા સાત-આઠ માણસો કાર્યક્રમમાં આવીને મંત્રી રમણલાલ વોરા સામે ખોટા આક્ષેપો વાળી પત્રિકાઓ વહેંચી બોલાચાલી શરૂ કરી દીધી હતી. તેમને સમજાવવાનો પ્રયત્ન કરવા જતા મેહુલભાઈ નામની વ્યક્તિને જમણા હાથે બચકુ ભરી લઈ મારામારી શરૂ કરી દીધી હતી. આ મામલે સે. ૭માં રહેતા મધુકરભાઈ ફુલાભાઈ પરમારે સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપતા પોલીસે પ્રમુખ પી.જે. પરમાર, તેમની પત્નિ, બાબુભાઈ પરમાર, મુળજીભાઈ પરમાર, દક્ષાબેન પરમાર, હંસાબેન પરમાર, હિતેશભાઈ પરમાર તથા અન્ય કેટલાક માણસો સામે ગુનો દાખલ કરી પીએસઆઈ સી.બી. ચૌહાણે તપાસ શરૂ કરી છે.

'રક્તદાન'માં યુવા જેસીઆઈ અને ભાજપના કાર્યકરોએ કર્યુ 'મહાદાન'

ગાંધીનગર, તા. ૧૦

'રક્તદાન-મહાદાન' લોહી એ એકમાત્ર એવી વસ્તુ છે જેની કોઈ ફેક્ટરી નથી અને એમાં દાનથી કોઈકની જીંદગી બચાવવામાં આપણે મોંઘામૂલુ દાન કરી શકીએ છીએ. એકવાર બ્લડ ડોનેટ કર્યા બાદ ત્રણ મહિનામાં ફરીથી બ્લડ ડોનેટ કરી શકાય છે, ન કરાય તો તે પાણી બની વહી જાય છે.

રક્તદાનનું એટલે જ મહાત્મ્યુ છે. ગાંધીનગર ભાજપ શહેર પ્રમુખ નિતીન પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, યુવા ભાજપ પ્રમુખ પદમસિંહ ચૌહાણ અને અન્ય ભાજપના નેતાઓ સાથે મળીને તેમજ સામાજીક ક્ષેત્રે સેવામાં સદાય તત્પર એવી જેસીઆઈની યુવા ટીમે સ્વામિ વિવેકાનંદ સ્કૂલમાં રક્તદાનનો કેમ્પ રાખ્યો હતો. સ્કૂલના ડાયરેક્ટર સંજીવ મહેતા અને જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. દરેક જણાએ રક્તદાનનો મહિમા જાણી સ્વેચ્છાએ રક્તદાન કરતાં ૩૫ બોટલ બ્લડ એકઠું કર્યું હતું.

ભાજપના ગણમાન્ય નેતા સહ જેસીઆઈના કિર્તી ઠાકોર, સ્મિત પટેલ, ચિરાગ બગથરીયા, સંજય નાયી, નિકુંજ શુકલએ બ્લડ એકઠું કરવા ભારે જહેમત ઉઠાવી હતી. જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસારે બ્લડ ડોનેશન અવેરનેસ અને એની હેલ્પલાઈન બનાવવાની વાત કરી આ માત્ર એક કેમ્પ ન બની રહેતા અવારનવાર આનુ આયોજન કરવાની ખાત્રી આપી હતી. રક્તદાન-મહાદાન જો બધા સમજે તો કેટલાયની જીવાદોરી લંબાવી શકાય.

શહેરનાં સેકટર-૨૨માં સ્થિત આનંદવાટીકા સોસાયટીમાં એક ઘરે લગ્ન પ્રસંગ હતો. આજે જાન લઈને પરિવાર ગયું હતું. સાંજે જાન પરત આવવાની હોવાથી મહેમાનો માટે જમણવારની તૈયારી ચાલી રહી હતી ત્યારે રસોડાનાં મંડપમાં અચાનક ગેસની નળી લીક થઈ જતા આગ ભભૂકી ઉઠી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતાં ટીમ આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ મોટી જાનહાની કે કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

સે-૨૧ના હવેલી મંદિર વલ્લભભધામ ખાતે ૨૨મા પાટોત્સવનું આયોજન

પાટોત્સવ સાથે પૂ. ઈન્દીરાબેટીજીના અમૃત મહોત્સવ અંતર્ગત કૃતજ્ઞતા પર્વ પણ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા અમદાવાદના શ્રી વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ૨૨માં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પૂજય ઈન્દિરા બેટીજીના અમૃત મહોત્સવ અંતર્ગત કૃતજ્ઞતા પર્વનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૨મી અને ૨૩મી ફેબ્રુઆરીએ યોજાશે.

સે-૨૧માં આવેલ હવેલી મંદિર 'વલ્લભધામ' ખાતે તા. ૨૨મી ફેબ્રુઆરી શનિવારે ૨૨મા પાટોત્સવ નિમિત્તે બપોરે ૧૨ વાગે શ્રીનાથજીનો હોળી ખેલ અને તિલક દર્શન કાર્યક્રમ યોજાશે તેમજ સાંજે ૬.૩૦ વાગે વસંતનો ઉત્સવ ફુલ ફાગનો મનોરથ યોજાશે. બીજા દિવસે તા. ૨૩મી ફેબ્રુઆરી રવિવારે સવારે ૧૦ વાગે પૂ. ઈન્દિરાબેટીજીના સાંનિધ્યમાં નંદ મહોત્સવ ઉજવાશે તેમજ બપોરે ૧૨ વાગે રાજભોગમાં તિલક દર્શન યોજાશે. આ દિવસે સાંજે ૪.૦૦ કલાકે સે-૧૭ના ટાઉનહોલ ખાતે પૂ. ઈન્દિરાબેટીજીના અમૃત મહોત્સવ અંતર્ગત કૃતજ્ઞતા પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ઈન્દિરાબેટીજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જગતમાં અને સનાતન હિંદુ ધર્મના વ્યાપક ફલક પર એક આગવું સ્થાન ધરાવે છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો દ્વારા તેમના માર્ગદર્શન હેઠળ જ ઉત્સવો અને નાના મોટા કાર્યોનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાં તેમણે સને ૨૦૦૮માં શ્રીમદ્ ભાગવત કથામૃતનું રસપાન શ્રોતાઓને કરાવ્યું હતું તેમજ સને ૨૦૦૩માં ૫૦૧ કળશ લોટી મહોત્સવ પણ તેમના સાંનિધ્યમાં ઉજવાયો હતો. પૂ. ઈન્દિરા બેટીજી ધાર્મિક ઉપરાંત સેવાકીય કર્યો સાથે પણ જોડાયેલા છે અને તેમના સાંનિધ્યમાં 'હેલ્પ' નામની સંસ્થા ઉપરાંત દેશ વિદેશમાં અનેક સત્સંગ મંડળો પણ ચાલી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩
સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૦૦, ૬.૪૫
હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
બબલૂ હેપ્પી હૈ : ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બબલૂ હેપ્પી હૈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સિરાગ સિનેમા(કલોલ)

જય હો :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : માનસિક શાંતિ જાળવી રાખવી. સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે. ધાર્મિકક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના છે.

વૃષભ : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

કર્ક : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ ઉત્પન્ન થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

સિંહ : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : મનોરંજનમાં સમય પસાર થશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે. નકામો વાદવિવાદ ન કરવો. લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. મધુબેન બાબુલાલ પંડ્યા (ઉ.વ. ૭૫) મુ.પો. નવા પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચંદુજી નાથુજી ડાભી (ઉ.વ. ૪૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બાબુજી ભીખાજી ઠાકોર (ઉ.વ. ૩૮) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.